ગુરુવાર, ૩ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 78 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 April 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26



ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 83,700/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD
AT BEST RATE
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

# વક્ફ ખરડો બહાલ

## નવા નામ 'ઉમીદ' સાથેનો ખરડો લોકસભામાં પસાર

નવી દિલ્હીઃ કેન્દ્રના લઘુમતી કોમને લગતી બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ બુધવારે લોકસભામાં રજૂ કરેલો વકફ (સુધારા) ખરડો પસાર થયો હતો. આ ખરડાનું નવું નામ યુનિફાઇડ વકફ મેનેજમેન્ટ એમ્પાવર્મેન્ટ, એફિસિયન્સી ઍન્ડ ડેવલપમેન્ટ (ઉમીદ) ખરડો રખાયું છે. આ વક્ફ ખરડા પર બપોરે ૧૨.૦૦ વાગ્યે ચર્ચા શરૂ કરવામાં આવી હતી, જે મોડી રાતના ૧૨.૦૦ વાગ્યા સુધી ચાલુ રહી હતી. ત્યાર પછી વોટિંગ હાથ ધરવામાં આવ્યું હતું. કૉંગ્રેસ, એસ.પી., ટીએમસી, એઆઈએમઆઈએમ, આપ, ડીએમકે, એનસીપી (શરદ પવાર), જેએમએમ અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે) આ ખરડાની વિરુદ્ધમાં છે, જ્યારે ભાજપ પાસે પૂરતું સંખ્યાબળ હોવાથી ખરડો લોકસભામાં પસાર થવાનો સરકારને આત્મવિશ્વાસ હતો. આ ખરડો હવે રાજ્યસભામાં આજે (ગુરુવારે) રજૂ કરવામાં આવશે.

### શાસક પક્ષ

## વક્ફ ખરડો મુસ્લિમોની 'ઉમીદ' બનશે

નવી દિલ્હીઃ ભાજપ અને તેના સાથી રાજકીય પક્ષોએ દાવો કર્યો હતો કે વક્ફ (સુધારિત) ખરડો મુસ્લિમો, ખાસ કરીને પસમાંદા (પછાત) મુસ્લિમો માટે 'ઉમીદ' (યુનિફાઇડ વક્ફ મેનેજમેન્ટ એમ્પાવરમેન્ટ ઍન્ડ ડેવલપમેન્ટ) લાવનારું બનશે અને તેઓના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવશે.

સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ જણાવ્યું હતું કે વક્ફ ખરડાનું નવું નામ યુનિફાઇડ વકફ મેનેજમેન્ટ એમ્પાવરમેન્ટ એફિસિયન્સી ઍન્ડ ડેવલપમેન્ટ (ઉમીદ) ખરડો રખાશે.

ગૃહ પ્રધાન અમિત શાહે લોકસભામાં જણાવ્યું હતું કે વકફ કાઉન્સિલ, વક્ફ બોર્ડ ૧૯૯૫માં શરૂ કરાયું હતું. વક્ફ ખરડો મુસ્લિમોની ધાર્મિક બાબતો અને તેઓ દ્વારા દાનમાં અપાયેલી પ્રોપર્ટીના મુદ્દે દખલગીરી કરતું હોવાનો ખોટો ભય વિપક્ષો દ્વારા માત્ર મુસ્લિમોના મત મેળવવા ફેલાવાય છે.

અમિત શાહે જણાવ્યું હતું કે નવા સુધારિત

(જુઓ પાનું ૨) ▶▶

## ફડણવીસ, શિંદેનું વક્ફ કાયદાને સમર્થન

### ઉદ્યોગપતિઓને જમીન આપી દેવાનો કારસોઃ કૉંગ્રેસનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે સંસદમાં વક્ફ (સુધારા) ખરડો, ૨૦૨૫ પસાર કરવામાં આવ્યો તેનું સ્વાગત કર્યું હતું અને આને પ્રગતિશીલ અને બંધારણની પ્રસ્તાવનામાં જે 'સેક્યુલર' શબ્દ આપવામાં આવ્યો છે તેને યોગ્ય ઠેરવનારું પગલું ગણાવ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદે પણ આ ખરડાના ટેકામાં આવ્યા હતા અને ભારપૂર્વક કહ્યું હતું કે આ કાયદો મુસ્લિમ સમાજના હિતમાં છે.

ફડણવીસે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે લોકસભામાં કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરણ રિજિજુ દ્વારા માંડવામાં આવેલો ખરડો મંજૂર થાય એવી અપેક્ષા હતી.

આ કાયદા દ્વારા કોઈપણ સમાજની ધાર્મિક લાગણીઓ દુભવવાનો હેતુ નથી. એમાં ફક્ત ભૂતકાળની ભૂલોને હટાવવામાં આવી છે. મહિલાઓને વક્ફ બોર્ડમાં સ્થાન મળશે. વક્ફ બોર્ડમાં આચરવામાં આવેલી ગેરરીતિઓને કોર્ટમાં પડકારી શકાતી નહોતી તે જોગવાઈને હટાવવામાં આવી છે, એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે કહ્યું હતું કે વર્તમાન વક્ફ કાયદા હેઠળ જમીનો બોર્ડ દ્વારા લેવામાં આવતી હતી અને પછી કૉંગ્રેસના નેતાઓ પાસે પહોંચી જતી હતી. આ કાયદો આવી લૂંટને રોકવા માગે છે, એમ તેમણે કહ્યું હતું.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે આ કાયદાથી ઉદ્યોગપતિઓને ફાયદો થશે એવો દાવો કરવો એ મુર્ખામી છે. તેમણે કાયદાના ટીકાકારોને તુષ્ટિકરણની રાજનીતિ કરવા

(જુઓ પાનું ૨) ▶▶

### વિપક્ષ

## વક્ફ ખરડો બંધારણના માળખાને હાનિકારક

નવી દિલ્હીઃ કૉંગ્રેસ સહિત વિપક્ષોએ વકફ સુધારા ખરડાની આકરી ટીકા કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે આ ખરડો દેશના બંધારણના મૂળભૂત માળખા પરના 'હુમલા' સમાન ગણાશે અને તે ભારતીય સમાજમાં ભાગલા પડાવશે તેમ જ લઘુમતી કોમને બદનામ કરશે.

કૉંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઇએ લોકસભામાં જણાવ્યું હતું કે સરકાર આ ખરડાના સંબંધમાં સંસદ અને જનતાને ગેરમાર્ગે દોરી રહી છે.

તેમણે દાવો કર્યો હતો કે વકફ ખરડામાંના સુધારા અંગે મુસલમાનો સાથે પૂરતી ચર્ચાવિચારણા નથી કરાઇ. લઘુમતી કોમના લોકો પાસે હવે પોતાની ધાર્મિક ઓળખ સાબિત કરવા પ્રમાણપત્ર માગવામાં આવી રહ્યું છે.

જમ્મુ અને કાશ્મીરના અનેક રાજકીય પક્ષે વક્ફ ખરડાનો વિરોધ કરતા જણાવ્યું હતું કે આ ખરડાનો

(જુઓ પાનું ૨) ▶▶

